# ૧૫ મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના

❒ **યોજનાનો ઉદ્દેશ**

રાજ્યના ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે ગુણવત્તા અને આવક (Merit cum Means)ના ધોરણે આર્થિક સહાય આપવી.

❒ **પાત્રતાના ધોરણો**

(૧) રૂ. ૬,૦૦,૦૦૦/- સુધીની વાર્ષિક આવક ધરાવતા વાલીઓના સંતાનો.

(૨) સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે ધોરણ-૧૨ની વિજ્ઞાન પ્રવાહ અથવા સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પરસેન્ટાઇલ મેળવનાર વિદ્યાર્થીઓ.

(૩) ડિપ્લોમા કક્ષાના અભ્યાસક્રમો માટે ધોરણ-૧૦ની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પરસેન્ટાઇલ મેળવનાર વિદ્યાર્થીઓ.

❒ **યોજનાના ફાયદા/સહાય**

❒ **ટ્યુશન ફી સહાય**

(૧) સ્નાતક કક્ષાના મેડીકલ અને ડેન્ટલના સરકાર માન્ય સંસ્થાના સ્વ-નિર્ભર અભ્યાસક્રમો માટે નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફીની ૫૦% રકમ અથવા રૂપિયા ૨,૦૦,૦૦૦/- તે બે પૈકી જે ઓછું હોય તેટલી સહાય.

(૨) સ્નાતક કક્ષાના પ્રોફેશનલ કોર્સીસ માટે નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફીની ૫૦% રકમ અથવા રૂપિયા ૫૦,૦૦૦/- તે બે પૈકી જે ઓછું હોય તેટલી સહાય.

(૩) સ્નાતક કક્ષાના કોર્સીસ નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફીની ૫૦% રકમ અથવા રૂપિયા ૧૦,૦૦૦/- તે બે પૈકી જે ઓછું હોય તેટલી સહાય.

(૪) સરકાર માન્ય સંસ્થાના ડીપ્લોમા સ્વ-નિર્ભર અભ્યાસક્રમો માટે નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફીની ૫૦% રકમ અથવા રૂપિયા ૨૫,૦૦૦/- તે બે પૈકી જે ઓછું હોય તેટલી સહાય.

(૫) સરકારી મેડીકલ, ડેન્ટલ, ઇજનેરી કોલેજોમાં જનરલ બેઠકો પર અનામત કક્ષાના વિદ્યાર્થીઓ જે સંખ્યામાં પ્રવેશ મેળવે અને તેને કારણે જનરલ કેટેગરીના જે સંખ્યામાં વિદ્યાર્થીઓને સ્થળાંતર કરવું પડે અને છેલ્લે જો કોઇ પણ સરકારી કોલેજમાં તેઓને પ્રવેશ ન મળે અને ફરજિયાતપણે તેઓને સ્વ-નિર્ભર કોલેજમાં પ્રવેશ મેળવવો પડે તો આવા આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવેલ સ્વ-નિર્ભર કોલેજ અને સરકારી કોલેજ વચ્ચેની ટ્યુશન ફીના તફાવતની રકમ સહાય પેટે મળવાપાત્ર છે.

Scanned by CamScanner

❒ **સાધન–પુસ્તક સહાય**

મેડીકલ/ડેન્ટલના સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષે સાધન–પુસ્તક સહાય પેટે રૂ.૧૦,૦૦૦, ઇજનેરી/ ટેકનોલોજી/ ફાર્મસી/ આર્કીટેક્ચરના સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષે સાધન–પુસ્તક સહાય પેટે રૂ.૫,૦૦૦ તથા ડીપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષે સાધન–પુસ્તક સહાય પેટે રૂ.૩,૦૦૦ મળવાપાત્ર છે. અભ્યાસક્રમની અવધિ દરમ્યાન સાધન–પુસ્તક સહાય માત્ર એક જ વખત મળવાપાત્ર છે.

❒ **પ્રક્રિયા**

(૧) વિદ્યાર્થીએ NIC દ્વારા તૈયાર કરવામાં આવેલ વેબ પોર્ટલ (http://mysy.guj.nic.in) પર ઓનલાઇન અરજી કરવાની રહે છે.

(૨) ઓનલાઇન અરજી કર્યા બાદ જરૂરી દસ્તાવેજો સાથે વિદ્યાર્થીએ અરજીની ખરાઇ હેતુ રાજ્યમાં આવેલા કુલ ૯૧ હેલ્પ સેન્ટર્સ પૈકીના નજીકના હેલ્પ સેન્ટર ખાતે જવાનું રહે છે.

❒ **અમલીકરણ કરતી કચેરી/એજન્સી/સંસ્થા**

(૧) આ યોજના માટે નોડલ એજન્સી તરીકે કેસીજીને નિયુક્ત કરવામાં આવેલ છે.

(૨) અભ્યાસક્રમ અનુસાર નીચે જણાવેલ કમિશનરશ્રી/નિયામકશ્રીની કચેરીઓ અરજીની અંતિમ ચકાસણી અને મંજૂરી માટે અધિકૃત કરવામાં આવેલ છે.

૧) ટેકનિકલ શિક્ષણને લગતા અભ્યાસક્રમો માટે કમિશનરશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી;

૨) ઉચ્ચ શિક્ષણને લગતા અભ્યાસક્રમો માટે કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી;

૩) મેડીકલ, ડેન્ટલ અને પેરામેડીકલને લગતા અભ્યાસક્રમો માટે કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી;

૪) એગ્રીકલ્ચરને લગતા અભ્યાસક્રમો માટે નિયામકશ્રી, ખેતીની કચેરી;

૫) વેટરનરીને લગતા અભ્યાસક્રમો માટે નિયામકશ્રી, પશુ–પાલનની કચેરી;

૬) આ સિવાયના અન્ય અભ્યાસક્રમો માટે સંબંધિત નિયામકશ્રી / કમિશનરશ્રીની કચેરીઓ દ્વારા અરજીઓની ચકાસણી અને મંજુરીની કાર્યવાહી કરવાની રહેશે.

Scanned by CamScanner